**સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧**
**આંક –૬૫**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | બાબુલાલ ચિમનલાલજી બારોટ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8306080829 |
| ઉંમર આશરે | ૫૦ | વરસની | ધંધો | બારોટનો ધંધો |
| રહેવાનુ | રામનગર તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હુ ત્રણ ધોરણ સુધી ભણેલ છું. આજથી પાંચ વર્ષ પહેલા પોલીસે મને તાલુકા પોલીસ સ્ટેશન ડીસા બોલાવેલ અને હુ ત્યા હાજર થયેલ. ત્યા પોલીસ સ્ટેશનમાં તે સમયે બે આરોપી તથા પોલીસ સ્ટેશનના રાઈટર તેમજ બે–ત્રણ પોલીસના માણસો હાજર હતા. જે આરોપીમાં એક સંજયભાઈ અમરતભાઈ બીજા આરોપીનું નામ મને ખબર નથી.

(૨) ત્યાં પોલીસ સ્ટેશનમાં એક બાઈક પડેલ હતું જે પોલીસે મને બતાવેલ હતુ. આરોપી સંજયભાઈ અમરતભાઈ પોલીસ કસ્ટડીમાં હતો. જે બાઈક પ્લેટીના કાળા કલરનું હતુ જેનો રજીસ્ટર નંબર જીજે –૨૪–ઈ–૭૬૪૬ હતો. બાઈકની આગળ નર્સીંગ સ્ટાફ લખેલ હતું. બાઈકની પાછળ મે જોયેલ ન હતું. આ બાઈકનો એન્જીન નંબર અને ચેચીસ નંબરની મને ખબર નથી. પોલીસે સદર બાઈક મારી હાજરીમાં કબજે કરેલ.

(૩) પોલીસે મારી હાજરીમાં બે મોબાઈલ રજુ કરેલા તે સમયે પોલીસ સ્ટેશનના રાઈટર તેમજ બે–ત્રણ પોલીસના માણસો હાજર હતા. જે બંન્ને મોબાઈલ પૈકી એક મોબાઈલ ઘાટા બ્યુ કલરનો હતો અને બીજો મોબાઈલ પણ જે નાનો હતો તેનો કલર બ્લુ હતો. મોબાઈલ કઈ કંપનીના હતા તેની મને ખબર નથી કારણ કે હુ ઓછુ ભણેલ છું.

સાહેદની સહી............................

(૪) પોલીસે મારી હાજરીમાં એક રુ. ૧૦૦ની નોટ રજુ કરેલી અને તેને મારી હાજરીમાં કબજે કરેલી. બીજુ મારી હાજરીમાં પોલીસે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ ન હતી. આરોપીને મે પાંચ પહેલા જોયેલો અને તેને હુ ઓળખતો નથી. આરોપી અદાલતમાં હાજર હોય તો પણ હુ તેને ઓળખી શકુ નહી. મને માર્ક ૬/૨૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર ૨ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું. જે રજુ દાખલ **આંક – ૬૬.** આ પંચનામા વખતે બીજા પંચ તરીકે અમરતભાઈ મોહનભાઈ બારોટ પણ ત્યા હાજર હતા. મને આજે મુદ્દામાલ મોબાઈલ અને નોટ બતાવવામાં આવે તો તે હુ ઓળખી શકુ નહી. પંચનામા સિવાય મારી બીજી કોઈ સહીઓ પોલીસે લીધેલ ન હતી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.આઈ.કોન્ટ્રાક્ટર</u>**

(૫) એ વાત ખરી છે કે અમારા બારોટના દીકરાનુ ખુન થયેલ છે તેવા સમાચાર મળેલા તેથી સામાજીક રીતે હુ પોલીસ સ્ટેશન બીજા સમાજના માણસો સાથે ગયેલો. ત્યા બારોટ સમાજના ૧૦–૧૫ માણસો હતા. ત્યા તે લોકો ટોળુ કરીને ઉભેલા ન હતા. હુ ગયો ત્યારે અમરતભાઈ મોહનભાઈ બારોટનુ પંચનામુ લખાતું હતું. તે કેટલુ લખાવ્યા પછી હુ ગયેલો તેની મને ખબર નથી. હુ ત્યા ગયો ત્યાર પછી અમરતભાઈ મારા બાજુમાં ઉભા રહેલા. અમારા અને અમરતભાઈ વચ્ચે કેટલુ અંતર હતુ તે મને ૫ વર્ષ થઈ ગયેલા હોઈ મને યાદ નથી. પોલીસના બે ત્રણ માણસો હતા અને એક રાઈટર પંચનામુ બનાવતા હતા તે ચાર હતા કે ત્રણ તે મને અત્યારે યાદ નથી. આ પંચનામુ રાઈટરના રુમમાં બેસીને લખાતુ હતું. એ વાત ખરી છે કે ડીસા રુરલ પો.સ્ટે.માં ૧૦×૧૦ ના નાના રુમમાં પંચનામુ લખાતુ હતું. તે દીવસે અમોએ કે પંચના માણસોએ મોઢા પર માસ્ક પહેરેલ હતુ કે કેમ તે કંઈ યાદ નથી. એ વાત ખરી છે કે તે સમયે કોરોના કાળનો સમય હતો. એ વાત ખરી છે કે કોરોના કાળમાં અમુક સમય માટે જ બહાર નીકળવાની છુટ હતી. એ વાત ખરી છે કે કોઈ વ્યક્તીઓ એ એક જ રુમમાં ભેગા ન થવુ અને સોશ્યિલ અંતર જાળવવું તેવુ સરકારશ્રીનુ જાહેરનામું હતું.

(૬) એ વાત ખરી છે કે આપ પંચનામુ થતુ હતુ ત્યારે મે સંજયભાઈ અમરભાઈ નામનો માણસ ત્યા જોયેલ નથી. પંચનામા વખતે આ મુદ્દામાલ પોલીસે મને બતાવેલ

સાહેદની સહી............................

પરંતુ મારી કોઈની પાસેથી મળેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખોટા પંચનામામાં હુ સામાજીક આગેવાન હોઈ સમાજના માણસને મદદ કરવા ખોટી જુબાની આપુ છું. મને અંગ્રેજી લખતા વાંચતા આવડતું નથી.

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. ના.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૨–૦૯–૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૭ મા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................

સાહેદની સહી.............................